For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

**સોના-ચાંદીના ભડકે બળતા ભાવોથી જ્વેલર્સ દાઝ્યા, ખૂબ ઓછી ઘરાકી રહી, શુકન પૂરતી ખરીદી**

# ગુરુ પુષ્ય નક્ષત્ર: સોના-ચાંદીનું વેચાણ 40 ટકા ઘટ્યું

**ગત** વર્ષની સરખામણીમાં વેચાણનો આંકડો વધ્યો, પરંતુ સોના-ચાંદીનો જથ્થો ઘટ્યો

**હીરા**-બાંધકામ સહિતના ઉદ્યોગોની મંદી બુલિયન બજાર પર વર્તાઈ

**પોશ** વિસ્તારના જ્વેલર્સને ત્યાં બપોર બાદ ઘરાકી જોવા મળી, પરંતુ મોટા ભાગના ગ્રાહકોએ ચાંદીની લગડી કે શુકન પૂરતી નાની ખરીદી કરી

**લગ્નસરા** માટે અગાઉ આપેલા ઓર્ડરની ડિલિવરી કરાતાં વેચાણનો આંકડો મોટો દેખાયો


(તસવીર : સતીષ જાદવ)

સુરતઃ સોનાના ભડકે બળતા ભાવોએ સુરતમાં ગુરુપુષ્ય નક્ષત્રની ખરીદીને અસર કરી છે. વોલ્યુમ વેપાર 40 ટકા ઓછો રહ્યો છે, પણ ગત વર્ષ કરતા આંકડાકીય બિઝનેસ 120થી 150 કરોડ વચ્ચે થયાનો અંદાજ છે. હીરા ઉદ્યોગ અને બાંધકામ ઉદ્યોગની મંદીની અસર વેપાર પર વર્તાઈ છે. ગત વર્ષની તુલનાએ વેપારનો આંકડો વધ્યો પણ વેચાણ વોલ્યુમ ઘટ્યું છે.

ગુરુ પુષ્ય નક્ષત્રનાં શુભ મુહૂર્તમાં સોના ચાંદીનાં ઊંચે ગયેલા ભાવ અને હીરા ઉધોગની મંદીના કારણે વરાછા, કતારગામના જ્વેલર્સનો વેપાર મંદ રહ્યો હતો. જ્યારે ઘોડદોડ રોડ, પાર્લે પોઇન્ટના જ્વેલર્સને ત્યાં ટ્રેડિશનલ ગ્રાહકોને લીધે બપોર પછી વેપાર સુધર્યો હતો. લગ્નસરા માટે અગાઉ આપવામાં આવેલાં ઓર્ડરની ડિલિવરી આજે કરવામાં આવી હતી. આ વિસ્તારના મોટા પાંચ જ્વેલર્સને ત્યાં સારી ઘરાકી જોવા મળી હતી. તળ સુરતના ચોકસી બજારમાં સરેરાશ ઘરાકી રહી હોવાના અહેવાલ છે.

ગુરુ પુષ્ય નક્ષત્રમાં સોના ચાંદીમાં ભાવવધારા અને મંદીના કારણે માર્કેટ 40 ટકા ડાઉન રહ્યું હોવાનો અંદાજ છે.

સુરતના બજારોમાં બપોર સુધી એકલ દોકલ ગ્રાહકો દેખાયા, ત્યારપછી પણ શુકન પુરતી ખરીદી અને અગાઉ લગ્નના ઓર્ડર આપનારા ડિલિવરી લેવા આવ્યા હોય તેવી જ ઘરાકી રહી હતી. મોટાભાગે લોકોએ શુકન માટેની ખરીદી તરીકે ચાંદીની લગડી કે હલકી જ્વેલરી ખરીદી હતી. કેટલાંય કિસ્સામાં તો લગ્નસરાની ખરીદીના જૂના ઓર્ડરની ડિલિવરી આજના શુકનવંતા મુહૂર્તમાં કરી હતી, એટલે ઓછો વત્તો વેપાર દેખાયો હતો.

પુષ્ય નક્ષત્રના દિવસે સામાન્ય દિવસોની સરખામણીમાં સોના-ચાંદીનાં ઘરેણાંની ખરીદી શુભ માનવામાં આવે છે. એટલે સ્વાભાવિક રીકે આ દિવસે ખરીદદારોની સંખ્યા પણ વધી જાય છે. ખરીદી કરવા જે પણ આવે તેઓ ઓછા પ્રમાણમાં પણ સોના-ચાંદીની ખરીદી કરીને જાય છે. પણ હાલમાં સોનું અને ચાંદીનાં ભાવ મધ્યમ વર્ગની ખરીદ શક્તિ બહાર ગયા છે. સુરતમાં કુલ વેપારનો આંક 120 થી 150 કરોડથી થોડો ઘણો વધે તેવું માની શકાય. આંકડો ભલે મોટો દેખાય પરંતુ સોનું અને ચાંદીના ભાવ ખૂબ ઉંચા હોવાને કારણે વેપારનો આંકડો મોટો છે, જો કે જથ્થો ગત વર્ષોની તુલનાએ લગભગ 40 ટકા ઓછો વેપાર ગુરુ પુષ્ય નક્ષત્રમાં નોંધાયો છે.

### પુષ્ય નક્ષત્રમાં સોનાનો ભાવ તોલા દીઠ 500ની આસપાસ ઘટતાં જ્વેલર્સને આંશિક રાહત

આજે ગુરુ પુષ્ય નક્ષત્રનાં દિવસે સોનાં ચાંદીના ભાવ ઘટતાં એને લીધે જ્વેલર્સને થોડી રાહત રહી હતી. બુધવારે 22 કેરેટ 10 ગ્રામ સોનાનો ભાવ 74,440 રૂપિયા હતો, જે આજે ગુરુવારે ઘટીને 73,890 રૂપિયા થયો હતો. 24 કેરેટમાં 10 ગ્રામ પર 600 રૂપિયા, 22 કેરેટમાં 550 રૂપિયા અને 18 કેરેટમાં 450 રૂપિયાનો ઘટાડો નોંધાયો હતો.

### બપોર પછી જ્વેલર્સને ત્યાં થોડી મૂવમેન્ટ દેખાઈ, પરંતુ માત્ર શુકન પૂરતી રહી: નૈનેશ પચ્ચીગર, જ્વેલર્સ એસોસિએશન

આજે ગુરુવારે 24 ઓક્ટોબરના રોજ પુષ્ય નક્ષત્રનો શુભ યોગ હતો. આ યોગ દિવાળી પહેલા ખરીદી કે કોઈ નવું કામ કરવા માટેનું સૌથી શુભ મુહૂર્ત માનવામાં આવે છે. આ દિવસે સોના-ચાંદીની સારી ખરીદી થતી હોય છે. ઇન્ડીયન બુલિયન જ્વેલર્સ એસોસિએશનના ગુજરાત ચેપ્ટરના પ્રમુખ નૈનેશ પચ્ચીગર કહે છે કે, આ વખતે પુષ્ય નક્ષત્રમાં અગાઉના વર્ષોની તુલનાએ ખૂબ જ હળવો વ્યાપાર રહ્યો હતો. ગુરુવારે બપોર સુધી તો સુરતમાં મોટાભાગના જ્વેલરી શોરૂમમાં ગ્રાહકોની ખૂબ પાંખી હાજરી હતી. બપોર પછી થોડી મુવમેન્ટ ચોક્કસ દેખાઈ, પરંતુ તે પણ શુકન પૂરતી કરાતી હળવી જ્વેલરીની ખરીદી, ચાંદીની નાની લગડી, મૂર્તિ જેવી ચીજની ખરીદી થઈ હતી. મોટા વેપારમાં પણ લગ્નસરાની ખરીદી રહી હતી, તેમાં પણ અગાઉ ઓર્ડર નોંધાવી દીધા હોય તે આજે શુભમુહૂર્તને કારણે ડિલિવરી લેવા આવ્યા હોય તેવું મોટાભાગના કિસ્સામાં જોવા મળ્યુ હતું.

### સોનાની ખરીદીમાં નીરસ માહોલ, 2008ની મંદી કરતાં પણ ઓછો વેપાર થયો

સુરતના જ્વેલર ઉત્તમભાઈ સોની કહે છે કે, વર્ષ 2008ની મંદી કરતા પણ ઓછો વેપાર થયો છે. દર વર્ષની સરખામણીએ આ વખતે પુષ્ય નક્ષત્રમાં ખરીદીનો માહોલ ખૂબ નિરસ જોવા મળ્યો છે. સોનાનો ભાવ એટલો ભડકે બળી રહ્યો છે કે, લોકો હાલમાં નવું સોનું ખરીદવાને બદલે જૂના સોનામાંથી જ પોતાની પ્રસંગોની જરૂરિયાતને પૂરી કરવાનું પસંદ કરી રહ્યાં છે.

### દશેરાના દિવસે નોંધાવેલાં વાહનોની પુષ્ય નક્ષત્રમાં શુભ મુહૂર્તે ડિલિવરી, 1082 વાહનનું વેચાણ

સુરતમાં દશેરાના દિવસે અપાયેલા વાહનોની પુષ્ય નક્ષત્રમાં શુભ મુહુર્તમાં ડિલિવરી લેવામાં આવી હતી. આજે વાહન ડીલરોએ 852 ટુ વ્હીલર, 150 કાર અને 80 અન્ય વાહનો મળી કુલ 1082 વાહનોનું વેચાણ કર્યું હતું. સુરત આરટીઓના ચોપડે આજે 1082 વાહનોની નોંધણી થઈ હતી.

**ગેરકાયદે બાંધકામ જેવા કરપ્શનના પૈસાથી લંપટની જીવનશૈલી 'મૌજે દરિયા' જેવી**

# રાજકારણીની રજરજમાં હવસ, સંબંધીની દીકરીને ગર્ભવતી બનાવી મામા-ભાણેજના સંબંધને લજવ્યા

**ઘરેણાંનું** નામ ધરાવતી યુવતી લંપટ રાજકારણીને બધાની સામે મામા તરીકે સંબોધતી હતી

**મોંઘી** દાટ ગિફ્ટ આપી મહિલાઓને આકર્ષતા રાજકારણીના એક પછી એક કારનામા બહાર આવવા લાગ્યાં

સુરતઃ શહેરમાં ચર્ચાસ્પદ બનેલા લંપટ અને હવસખોર રાજકારણીની રાસલીલા પરથી ધીરે-ધીરે પરદા ઉંચકાઈ રહ્યા છે. પૈસાના જોરે તમામને દબાવતા રહેતા આ રાજકારણીએ પોતાના હોદ્દાની ગરીમા તો જાળવી જ ન હતી, પરંતુ જે સંબંધોને લોકો પવિત્ર માને છે એવા સંબંધોને પણ લજવ્યા છે.

આ રાજકારણી તેના વિસ્તારમાં કોઈ પણ કાર્યક્રમમાં જાય એટલે તેની સાથે પુરૂષો કરતા મહિલાઓ વધારે રહેતી હતી. પરંતુ તે મહિલાઓને ક્યાં ખબર કે આ રાજકારણીની આંખોમાં હવસ વસે છે. આવી મહિલાઓ પૈકીની કેટલીક મહિલાઓ પણ તક જોઈને રાજકારણીની નજીક આવી હતી, તેનો લાભ આ રાજકારણીએ લીધો અને હવસ સંતોષવાની શરૂઆત જ જાણે સંબંધીની દીકરીથી કરી લીધી હતી. એક સંબંધીની દીકરીને ગર્ભવતી બનાવી અને સંબંધીની દીકરી તેના ગર્ભમાં ઉછેરતા બાળકને આ રાજકારણી પોતાનું નામ આપે તે માટે દબાણ કરતા આ રાજકારણીએ છેવટે ઝેર પી લીધું હોવાનું ચર્ચાઈ રહ્યું છે. તેણે ઝેર પીધું હોવાની વાત વાયુવેગે ફેલાતા તેની હવસનો શિકાર બનેલી યુવતીઓ વિષેની માહિતી સામે આવી રહી છે.

બિલ્ડરો પાસેથી કરપ્શનથી મેળવેલા અઢળક રૂપિયાનો ઉપયોગ આ રાજકારણી મહિલાઓને ફસાવવા માટે કરતો હતો. તે મહિલાઓને મોંઘી ગિફ્ટ આપીને તેમને પોતાના તરફ આકર્ષતો હતો. હવે વધુ એક યુવતીનું નામ સામે આવ્યું છે. ઘરેણાંનું નામ ધરાવતી આ યુવતીનો ઝાંઝર જેવો અવાજ આ રાજકારણીને ગલગલીયા કરાવતો હતો. આ યુવતીને એક વર્ષ પહેલા જ રાજકારણીએ કાર અને 40 લાખ રૂપિયાનો ફ્લેટ ભેટમાં આપ્યા હતા. આ યુવતી લોકોની વચ્ચે હવસખોરને મામા તરીકે સંબોધતી હતી. આ હવસખોરે મામા-ભાણીજના પવિત્ર સંબંધનો ઉપયોગ પણ પોતાની હવસ સંતોષવા કર્યો હતો.

### રાજકારણી વિરુદ્ધ એક યુવતી પોલીસ સ્ટેશને ગઈ, કોઈનો ફોન આવ્યો ને પરત ફરી ગઈ: સમાધાન થયાની ચર્ચા

બીજી તરફ એક યુવતી સોમવારે એક પોલીસ સ્ટેશનમાં ગઈ હોવાની માહિતી મળી છે. યુવતી પોલીસ સ્ટેશનમાં ગઈ અને કોઈનો ફોન આવ્યો, ત્યારબાદ યુવતી પોલીસ સ્ટેશનના ગેટમાંથી પરત ઘરે જતી રહી હતી. બુધવારે યુવતી અને રાજકારણી વચ્ચે સમાધાન થયું હોવાની ચર્ચા છે.



શ્રદ્ધાંજલિ
સ્વ. રાજેશભાઈ (રાજુભાઈ) ગીજુભાઈ પટેલ
સ્વ.તા.૨૧/૧૦/૨૦૨૪
પરિવાર જેનું મંદિર હતું, સ્નેહ જેની શક્તિ હતી.
પરિશ્રમ જેનું કર્તવ્ય હતું. પરમાર્થ જેની ભક્તિ હતી.
ધર્મ કદી ભૂલ્યા નહી, વ્યવહાર કદી ચૂક્યા નહી,
પરિવાર માટે ફૂલો પાથરી ગયા, એવા દિવ્ય આત્માને પ્રભુ પરમ શાંતિ આપે એ જ પ્રાર્થના...
લિ.
નરેશભાઈ બાલુભાઈ પટેલ | દીપકુમાર રાજેશભાઈ પટેલ
સંગીતા નરેશભાઈ પટેલ | ખ્યાતિ દીપકુમાર પટેલ
હર્ષ નરેશભાઈ પટેલ | આરવી દીપકુમાર પટેલ
સ્નેહ બંગ્લો, અલથાણ, સુરત.


અશુભ - બેસણું
આથી દિલગીરી સાથે જણાવવાનું કે મારા ધર્મપત્ની કુસુમબેન દલસુખભાઈ પટેલનું તારીખઃ ૨૩/૧૦/૨૦૨૪ બુધવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તારીખ ૨૭/૧૦/૨૦૨૪ રવિવારના રોજ સવારે ૯.૦૦ થી ૧૧.૦૦ કલાકે રાખેલ છે.
લૌકિક રિવાજ બંધ છે.
લિ. શોકાતુર
દલસુખભાઈ હરિભાઈ પટેલ
તુષાર દલસુખભાઈ પટેલ (પુત્ર)
મો.નં. : +91 99792 23872
તથા સમસ્ત પરિવાર
સ્વ. કુસુમબેન દલસુખભાઈ પટેલ
સ્વ. તા. ૨૩-૧૦-૨૦૨૪
સ્થળઃ શ્રી પટેલ પ્રગતિ મંડળ, હનીપાર્ક રોડ, અડાજણ, સુરત.


હૃદયસ્થ શ્રદ્ધાજંલિ
જીવનમાં હરપલ હસતા રહ્યા, સ્નેહથી સૌના હૈયે વસતા રહ્યા
આશા અને અરમાનોની શ્રેષ્ઠ ક્ષણોમાં જીવન જીવ્યા ટૂંકુ
પણ ઉત્તમ જીવી ગયા, સર્વત્ર સુવાસ ફેલાવી સંભારણા
સૌના દિલમાં રાખી ગયા.
પ્રભુ તમારા દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રભુને પ્રાર્થના.
લિ.
સ્વ. બાબુભાઈ ધનજીભાઈ પટેલ
સ્વ. ચીમનભાઈ બાબુભાઈ પટેલ | સ્વ. અરૂણભાઈ બાબુભાઈ પટેલ
પ્રવેશભાઈ ચીમનભાઈ પટેલ | જેનીશભાઈ અરૂણભાઈ પટેલ
ડેનીશભાઈ અરૂણભાઈ પટેલ | ચિંતલભાઈ અરૂણભાઈ પટેલ
ટાંકી ફળીયું, બુડિયા ગામ, તા. મજુરા, સીટી, સુરત.
સ્વ. રાજેશભાઈ ઉર્ફે રાજુભાઈ ગીજુભાઈ પટેલ
જન્મ તા. ૦૩/૦૧/૧૯૭૦
સ્વ. તા. ૨૧/૧૦/૨૦૨૪


શ્રદ્ધાંજલિ
જીવન એવું જીવી ગયા કે ક્યારેય ભુલાય નહીં, જીવનભર મહેનત કરી શૂન્યમાંથી સર્જન કર્યું, ધૂપસળી જેવું જીવન જીવી કુંટુંબને સુખના સાગરમાં તરતા મુકી ગયા, તમારો લાગણી ભર્યો સ્વભાવ અને અમારા સૌ સાથેનો આત્મીય લગાવ હંમેશા યાદ રહેશે, આંખો હજુ નિહાળે છે તમને,અંતર હજી પોકારે છે તમને, તમારૂ સ્મરણ થાય છે ત્યારે મન મુકીને રડાવે છે. અમને સત્કર્મો તમારી શોભા હતી. પ્રભુ આપના આત્મજનોને જીવન જીવવાની શકિત અને ધીરજ અર્પે એજ આપના આશીર્વાદ સાથે અમારા સૌની સાદ્ય પ્રાર્થના સહ શ્રદ્ધાંજલિ
પરિમલ હરીશભાઈ પટેલ (બાબલા)
અશોક બાબુભાઈ સુદ્રા
રૂષભ બિપીનભાઈ પટેલ
પ્રિતેશ ધનસુખભાઈ પટેલ
સ્વ. રાજેશભાઈ ઉર્ફે રાજુભાઇ ગીજુભાઇ પટેલ
સ્વ. તા. ૨૧/૧૦/૨૦૨૪


સત્ કૈવલ સાહેબ
સ્નેહાંજલિ
યાદ તમારી
અમને રે આવશે..
અંતર અમારા સુના રે..
હૈયા કેરી ડાળે ડાળે
સુંદર ફુલડા ખીલ્યા રે..
મુજ દ્વારેથી ઓ પંખીડા
હસતા મુખડે જા જો રે..
લિ.
દિનેશભાઈ ગબુભાઈ પટેલ (ભીમરાડ)
મુકેશભાઈ ગબુભાઈ પટેલ (ભીમરાડ)
હેરિશકુમાર સુનિલભાઈ પટેલ (ભીમરાડ)
તથા સમસ્ત પરિવાર..
સ્વ. રાજેશભાઈ (રાજુભાઈ) ગીજુભાઈ પટેલ
જન્મ તા.૦૩/૦૧/૧૯૭૦
સ્વ. તા. ૨૧/૧૦/૨૦૨૪


હાર્દિક શ્રદ્ધાજંલિ
સ્વ. રાજેશ ઉર્ફે રાજુભાઈ ગીજુભાઈ પટેલ
જન્મ તા. ૦૩.૦૧.૧૯૭૦ – સ્વ. તા. ૨૧.૧૦.૨૦૨૪
અંજલી અર્પણ કરીએ તો આંસુ સારે છે,
તસ્વીર તમારી જોતા હૈયુ રડે છે.
દરીયા જેવું નિખાલસ હદય, દરેક સાથેનો આપનો અતુટ નાતો
કાયમી સંભારણું બની રહેશે. ઈશ્વર તમારા દિવ્ય આત્માને શાંતી આપે એજ પ્રાર્થના
લિ.
હર્ષદભાઈ ઝીણાભાઈ પટેલ (ઝામ્બીયા)
કલ્પનાબેન હર્ષદભાઈ પટેલ (USA)
નિરંજનભાઈ ઝીણાભાઈ પટેલ (બેલ્જીયમ)
દિનેશભાઈ ઝીણાભાઈ પટેલ (ઝામ્બીયા)
હીનાબેન એચ. પટેલ (UK)
જયેશભાઈ એલ. પટેલ એન્ડ ફેમીલી
(માજી સરપંચ, તલંગપુર)


દુઃખદ અવસાન સંયુક્ત બેસણું
અત્યંત દિલગીરી સાથે જણાવવાનું કે અમારા પિતાશ્રી પ્રકાશભાઈ સુખાભાઈ પટેલનું તા. ૨૩/૧૦/૨૦૨૪ બુધવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે.
સદ્દગતનું બેસણું
તા. ૨૬/૧૦/૨૦૨૪, શનિવારના રોજ સવારે ૧૦ થી ૧ કલાકે અમારા નિવાસ સ્થાને રાખવામાં આવેલ છે.
ફુલ-હાર, બિસ્કીટ, પૈસા પોથ પ્રથા સદંતર બંધ છે.
સ્વ. પ્રકાશભાઈ સુખાભાઈ પટેલ
જન્મ તા. ૨૩/૦૮/૧૯૫૨, સ્વ. તા. ૨૩/૧૦/૨૦૨૪
લિ. ગં.સ્વ. નર્મદાબેન પ્રકાશભાઈ પટેલ (પત્ની)
પ્રવેશ પ્રકાશભાઈ પટેલ (પુત્ર) | અતિષા પ્રવેશ પટેલ (પુત્રવધુ)
અશોકભાઈ રામાભાઈ પટેલ (ભત્રીજા) | શીલાબેન ચંદ્રકાન્તભાઈ પટેલ (પુત્રી)
વિનુભાઈ રામાભાઈ પટેલ (ભત્રીજા) | સરયુબેન નિલેષભાઈ માંજરેકર (પુત્રી)
અંજલીબેન વિરેનભાઈ મસાડા (પુત્રી)
દિપ, અંશ, ધરા, પૃથ્વી તથા સમસ્ત રતનબાવા પરિવાર
સ્થળ : બાપુજીની વાડી, સુલતાનાબાદ, ડુમસ. મો. 8140987561


ભાવભીની શ્રદ્ધાંજલિ
સ્વ. રાજેશભાઈ (રાજુભાઈ) ગીજુભાઈ પટેલ
જન્મ તા.૦૩/૦૧/૧૯૭૦
સ્વ. તા. ૨૧/૧૦/૨૦૨૪
હે નાથ જોડી હાથ પાયે પ્રેમથી સૌ માંગીએ,
શરણ મળે સાચું તમારૂં એ હૃદયથી માંગીએ.
જે જીવ આવ્યો આપ પાસે ચરણમાં અપનાવજો,
પરમાત્મા એ આત્માને શાંતિ સાચી આપજો.
લિ.
જગદીશભાઈ શાંતિલાલ પટેલ | હર્ષાબેન જગદીશભાઈ પટેલ
સ્મિત જગદીશભાઈ પટેલ | સંયુક્તા સ્મિત પટેલ
મનમીત જગદીશભાઈ પટેલ | કેફી મનમીત પટેલ
મોસમ જગદીશભાઈ પટેલ | ધારા મોસમ પટેલ
હયાન, હર્ષવી

ભાવભીની શ્રદ્ધાંજલી

સ્વ. રાજેશભાઈ ઉર્ફે :રાજુભાઈ ગીજુભાઈ પટેલ
સ્વ. તા. 21/10/2024
આત્માને ના જન્મ, ના મૃત્યુ ના આદિ, ના અંત.
આત્મા અજન્મ, અમર અને સનાતન સત્ય છે.
દેહ પામે નાશ ત્યારે પણ, આત્મા તો અવિનાશી જ છે.
લિ.
જગદીશભાઈ શાહ
સંજયભાઈ શાહ | મિતુલભાઈ શાહ
સુનીશભાઈ શાહ | રાજુભાઈ શાહ